ઉદ્યોગ અને વાણિજ્યના હેતુ સારુ ખાનગી જમીનો ઉપરના વૃક્ષો કાપવાની મંજુરી અને તેના પુન: વનીકરણ માટે ઇ-પોર્ટલ મારફત ઓનલાઇન મંજુરીની કાર્યપદ્ધતિ બાબત.

ગુજરાત સરકાર
વન અને પર્યાવરણ વિભાગ
સુધારા ઠરાવ ક્રમાંક : પીઇએન/૨૦૧૪/૫૧/W
સચિવાલય, ગાંધીનગર
તા.૦૭/૦૭/૨૦૧૭

વંચાણે લીધા:-

(૧) ગુજરાત સરકાર, વન અને પર્યાવરણ વિભાગ સચિવાલય.ગાંધીનગરના ઠરાવ ક્રમાંક પી.ઈ.એન/૨૦૧૪/૫૧/W. તા.૨૦-૦૫-૨૦૧૬

(૨) ગુજરાત સરકાર. વન અને પર્યાવરણ વિભાગ સચિવાલય, ગાંધીનગરના સુધારા ઠરાવ ક્રમાંક પી.ઈ.એન/૨૦૧૪/૫૧/W. તા.૨૫-૦૫-૨૦૧૭

(૩)વિભાગની ફાઇલ ક્રમાંક એસ.એફ.ટી./પી.એ.એન/૨૦૧૪/૫૧/W પરની સરકારશ્રીની મંજુરી

## સુધારા ઠરાવ

ઉપર સંદર્ભ-(૧) આગળના ગુજરાત સરકાર, વન અને પર્યાવરણ વિભાગના તા.૨૦/૫/૨૦૧૬ના ઠરાવમાં 'વૃક્ષો કાપવાની મંજુરી અંગેની સામાન્ય શરતો'ના શીર્ષક હેઠળ દર્શાવાયેલ શરતોમાં શરત નંબર (૮) પછી નીચે મુજબની શરત (૮)(અ) ઉમેરવામાં આવે છે.

" (૮)(અ) ઇન્સ્પેકશનની પ્રક્રિયામાં કોઈપણ અધિકારી એક જ કામગીરીનું બે વાર ઇન્સ્પેકશન કરી શકશે નહિ. જરૂર જણાયે અન્ય અધિકારી દ્વારા બીજી વખતનું ઇન્સ્પેકશન કરાવી શકશે."

૨. ઉક્ત તા.૨૦/૫/૨૦૧૬ના ઠરાવની સાથેના 'પરિશિષ્ટ-અ' માં "અનામત વૃક્ષો કાપવા અને વાહતુક મંજુરી માટેની જોગવાઈ" શીર્ષક હેઠળની શરત અ-૭.૩.- ક્રોસ વેરીફીકેશનની શરત પછી. નીચે મુજબની શરત અ-૭(૪) ઉમેરવામાં આવે છે.

"અ-૭(૪) કામગીરીનું નિરીક્ષણ એક કરતાં વધુ વખત કરવાનું થાય તેવા કિસ્સામાં પ્રત્યેક નિરીક્ષણ અલગ અલગ અધિકારી દ્વારા કરવાનું રહેશે."

૩. ઉકત તા.૨૦/૫/૨૦૧૬ના ઠરાવની સાથેના 'પરિશિષ્ટ-બ'માં "બિન અનામત વૃક્ષો તથા 'પરિશિષ્ટ-ક'માં દર્શાવેલ વિસ્તારોમાં લીંબડો, દેશી બાવળ, કણજી, આંબો અને આંબલીની જાતોના વૃક્ષો કાપવા તથા વાહતુક કરવા માટેની મંજુરીની જોગવાઈ શીર્ષક હેઠળની શરત બ-૭.૩.- ક્રોસ વેરીફીકેશનની શરત પછી, નીચે મુજબની શરત બ-૭(૪) ઉમેરવામાં આવે છે.

"બ-૭(૪) કામગીરીનું નિરીક્ષણ એક કરતાં વધુ વખત કરવાનું થાય તેવા કિસ્સામાં પ્રત્યેક નિરીક્ષણ અલગ અલગ અધિકારી દ્વારા કરવાનું રહેશે."

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.જી. સાગર)
ઉપ સચિવ
વન અને પર્યાવરણ વિભાગ

પ્રતિ,

- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(વન)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(વન)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- સર્વે મંત્રીશ્રી, રાજ્ય કક્ષાના મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી,વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના અંગત સચિવશ્રી
- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, અરણ્યભવન, સેક્ટર-૧૦/એ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, (વન્યપ્રાણી), સેક્ટર-૧૦/એ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, વન વિભાગ, તમામ
- સર્વે વન સંરક્ષકશ્રી / સર્વે નાયબ વન સંરક્ષકશ્રી(અગ્ર મુખ્ય વન સંરક્ષક મારફત)
- સર્વે કલેકટરશ્રીઓ/જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
- સીસ્ટમ મેનેજર - વન અને પર્યાવરણ વિભાગ-IWDMS પર મુકવા માટે
- સીલેક્ટ ફાઇલ